ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### વિઝિબિલિટી શૂન્ય થઇ જતાં અકસ્માત સર્જાયો : સદનસીબે જાનહાનિ ટળી

## વેગા ગામ પાસે ચાર કાર વચ્ચે અકસ્માત





(પ્રતિનિધિ) વડોદરા, તા.2

ડભોઇ-વેગા-બોડેલી રોડ પર ગત રોજ વાવાઝૂડા અને ભારે પવન સાથે ખાબકેલા વરસાદ દરમિયાન એક વિચિત્ર અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. ભારે વરસાદના કારણે મુખ્ય માર્ગ પર વિઝિબિલિટી તદ્દન શૂન્ય થઈ જતાં એક પછી એક એમ કુલ 4 કારો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. જોકે, આ સમગ્ર ઘટનામાં સદનસીબે મોટી જાનહાનિ ટળી છે અને તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી અનુસાર, ડભોઈ બોડેલી રોડ પર આવેલા વેગા ગામ નજીકથી પસાર થઈ રહેલી બે ઈક્કો કાર અને અન્ય બે ગાડીઓ અચાનક બદલાયેલા હવામાનનો ભોગ બની હતી. ભારે પવન અને ધોધમાર વરસાદને કારણે હાઈવે પર આગળનું કશું જ દેખાતું ન હોવાથી ચાલકોએ સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના પરિણામે ચારેય વાહનો એકબીજા સાથે ભટકાયા હતા.

અકસ્માત એટલો વિચિત્ર હતો કે વાહનોને નુકસાન પહોંચ્યું હતું, પરંતુ સદનસીબે કારમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો છે. આ ઘટનામાં કોઈ વ્યક્તિને ગંભીર ઈજા કે જાનહાનિ થઈ નથી, જેથી તંત્ર અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અકસ્માતને પગલે માર્ગ પર થોડો સમય ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

### ખેડૂતોને ક્વિન્ટલે 600થી રૂપિયા 700ની ખોટ જાય છે

## શિનોરમાં મકાઈની ખરીદી શરૂ નહીં થતાં ખેડૂતોમાં ભારે આક્રોશ

**શિનોરમાં** ૧૦૦૦થી વધુ ખેડૂતોની નોંધણી છતાં પુરવઠા તંત્ર ઉદાસીન

(પ્રતિનિધિ) શિનોર, તા.2

સરકાર દ્વારા મકાઈના ટેકાના ભાવ રૂપિયા 2400, જુવાર હાઈ.3999,જુવાર 4049,બાજરી 3075 જાહેર કર્યા પછી એક એપ્રિલથી 30 એપ્રિલ સુધીમાં દરેક ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરવા માટે જાણ કરેલ હતી. તારીખ 30 એપ્રિલ રજીસ્ટ્રેશન પૂરું થયા પછી શિનોર તાલુકાના તથા આજુબાજુના આશરે 1000 ઉપરાંત ખેડૂતોએ નોંધણી કરાવેલ છે. છતાં આજ દિન સુધી સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી શરૂ કરવાના પ્રયત્નો કરવામાં આવેલા નથી અને હવામાન ખાતાની માવઠાની આગાહી, મકાઈનો પાક ખેતરમાં સુકાવા ખુલ્લો મુક્યો છે.

અને માવઠાની આગાહીના કારણે ખેતરમાંથી ગુણો ભરીને ઘરે લાવવાની મજૂરીના ઘણા ખર્ચો થઈ ગયેલ છે. બજારમાં ખાનગી વેપારીઓ 1700 થી 1800 માં માંગે છે.

ગયા ફેબ્રુઆરી મહિનામાં ધારાસભ્ય અક્ષય પટેલ દ્વારા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને મકાઈ ખરીદીનું સેન્ટર ફાળવવા માટે માંગણી કરી હતી. માર્ચ મહિનામાં કરજણ બજાર સમિતિના ચેરમેન જયદીપસિંહ ચૌહાણ તથા શિનોર બધા સમિતિના ચેરમેન સચિન પટેલ દ્વારા પણ મકાઈ ખરીદીનું કેન્દ્ર શરૂ કરવા માંગ કરી હતી. જે આજ દિન સુધી શરૂ કરવામાં આવેલ નથી અને ખેડૂતોને ક્વિન્ટલે 600 થી રૂપિયા 700 ની ખોટ જાય છે.

એક તરફ સરકાર ખેડૂતોને નોંધણી કરાવવા માટેની મુદત આપે છે અને મુદત પૂરી થયા પછી સરકાર દ્વારા મકાઈની ખરીદી કરાતી નથી, એ ખેડૂતોની મશ્કરી કરવા સમાન છે. શિનોર મામલતદાર એમ જે બારીયા નો સંપર્ક કરતા તેઓ જણાવે છે કે અમે ગોડાઉનની તપાસ કરીએ છીએ.

### પોલીસે આરોપીના ઘરે રેઇડ કરી તમંચા સાથે ઝડપી પાડ્યો

## છોટાઉદેપુરના રોડધા ખાતે દેશી તમંચા સાથે એક શખ્સ ઝડપાયો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.2

છોટાઉદેપુર જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા પાનવડ વિસ્તારમાં સફળ કાર્યવાહી હાથ ધરી એક દેશી હથિયાર (તમંચા) સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, રાજ્યમાં ગેરકાયદેસર હથિયારોના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગને રોકવા માટે પોલીસ દ્વારા ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત SOGની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમીના આધારે પાનવડ પોસ્ટ વિસ્તાર ના રોડધા ખાતે શંકાસ્પદ વ્યક્તિની તપાસ હાથ ધરવામાં આવી હતી. તેની ઘરે રેડ પાડવામાં આવી હતી.

તપાસ દરમિયાન આરોપી પાસેથી એક દેશી બનાવટનો તમંચો મળી આવ્યો હતો. પોલીસે હથિયાર કબજે કરી આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલ આરોપીની ઓળખ ઉદેસિંહ રાઠવા તરીકે થઈ છે.

પોલીસે આરોપી પાસેથી અંદાજે રૂ. 5,000 કિંમતનો દેશી તમંચો કબજે કર્યો છે. સમગ્ર કાર્યવાહી SOGની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી. આ બનાવ અંગે પાનવડ પોલીસ મથકે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે અને હથિયાર ક્યાંથી લાવવામાં આવ્યું તેમજ તેનો ઉપયોગ કયા હેતુ માટે થવાનો હતો તે દિશામાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### અસહ્ય ગરમી બાદ રાત્રે મેઘરાજાની એન્ટ્રી

## ડભોઈ નગરમાં વાવાઝોડા સાથે વરસાદ ખાબક્યો



(પ્રતિનિધિ) ડભોઈ, તા.2

રાજ્ય હવામાન વિભાગ ની આગાહી ને પગલે ગત રાત્રીના ડભોઈમાં વાવાઝોડા અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદનુ આગમન થવા પામ્યું હતું.

દિવસ ભર આકરી ગરમી અને બફારા થી પરસેવે રેબઝેબ થયેલા નગરજનો રાત્રે જમી પરવારી ખુલ્લી હવામાં પરિવાર સાથે લટાર મારવા નીકળ્યા હતા. કેટલાક લોકો ઓટલા બેઠકો, ચાની કીટલીઓ અને ઠંડાપીણા અને આઈસક્રીમ ની મજા માણી રહ્યા હતા. ત્યાંતો અચાનક વાતાવરણ બદલાયું હતું. ભારે પવન સાથે ધૂળ ની ડમરી ઉડવા લાગી. વરસાદ ના છાંટા અને વીજળી ના કડાકા ભડાકા સાથે અચાનક વરસી પડેલા વરસાદ થી લોકો માં ભાગદોડ મચી ગઇ હતી. જોતજોતા માં માર્ગો ભીના થઈ ગયા હતા. માર્ગો પર થી ટ્રાફિક અને વાહન વ્યવહાર અદશ્ય થઈ ગયો હતો. ભારે પવન અને ધોધમાર વરસાદ થી વીજળી ડૂલ થઈ ગઈ હતી. જે બાદ માં વાવાઝોડુ થંભી જતા વીજ સપ્લાય ફરી કાર્યરત કરાયો હતો. આમ અચાનક વરસેલા વરસાદ થી વાતાવરણ ઠંડુ થવા સાથે ખેડૂતો અને નગરજનો માં દોડધામ મચી જવા પામી હતી.

### દેવામાં ડૂબેલો હોવાથી ગુસ્સામાં કૃત્ય કર્યું હોવાની કબૂલાત

## શિનોરના ભૂતેશ્વર મહાદેવ મંદિરમાં તોડફોડ કરનાર આરોપી ઝડપાયો

**શિનોર** પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવીના આધારે આરોપીને દબોચ્યો



(પ્રતિનિધિ) શિનોર, તા.2

શિનોર પોલીસ સ્ટેશનની આગળ નર્મદા નદીએ જવાનો માર્ગ આવેલ છે. ત્યાં નદી કિનારે મર્દાબાળીના ઓવરા પાસે ભૂતેશ્વર મહાદેવનુ મંદિરે આવેલ છે. હાલ આ મંદિરે જર્જરિત હોય મંદિર નુ રીપેરીંગ કામ ચાલુ છે. તારીખ 25 બપોર બાદ મંદિર ની કામગીરી બંધ હતી. ત્યારે તેનો લાભ લઈ કોઈ વિકૃતવૃત્તિ ધરાવતા અસામાજિક તત્વો દ્વારા મંદિરમા બિરાજમાન નંદી ને ઉખાડી નાખી અને આગળ સ્થાપિત કરેલ કાચબાનુ મોં તોડી નાખી મંદિરની બહાર પટાંગણ માં ફેંકી દીધું હતું. પોલીસ ને થતા પોલીસ પણ સ્થળ પર દોડી આવી હતી. અને બીએનએસ કલમ 298 મુજબનો ગુનો નોંધ્યો હતો. આ સમગ્ર ઘટના અંગે તા. 26 સવારે 11 કલાકે શિનોર ના સમસ્ત હિન્દુ સમાજ, બજરંગદળ, દુર્ગા વાહીની મંડળ અને વિશ્વ હિન્દુ પરિષદે શિનોર મામલતદાર ને આવેદનપત્ર આપ્યુ હતુ.શિનોર પોલીસ દ્વારા 60 થી 70 લોકોને પોલીસ સ્ટેશનને બોલાવી ચેક કરેલ હતા, ટાવરડમ ચેક કર્યો, કેમેરાથી તપાસ કરી, ટીમ બનાવી ને તપાસ કરતાં અજય કુમાર નટવરસિંહ સોઢા ઉમર પર 27ને ઝડપી પાડ્યો હતો. જાણવા મળ્યા મુજબ અજય કુમાર દેવામાં ડૂબ્યો હતો મોટરસાયકલ ના હપ્તા બાકી હતા એકલવયુ જીવન હતું અને આ મંદિરમાં તેને માનતા માની હતી, છતાં ગરીબી દૂર ના થતાં ગુસ્સામાં આ કૃત્ય કરી નાખ્યું હતું, જે તેને કબૂલ્યું હતું.

### પહેલા ૧૮ ક્વિન્ટલની જગ્યાએ માત્ર ૧૦ ક્વિન્ટલની ખરીદી

## જુવાર ખરીદીની મર્યાદા વધારવા રજૂઆત કરાઈ



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.2

વાઘોડિયા તાલુકાના ખેડૂતોનો ટેકાના ભાવે જુવારનો જથ્થો વધારેમાં વધારે ખરીદવામાં આવે તેવી રજૂઆત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વાઘોડિયાના ચેરમેન વતી કરવામાં આવી છે.

વાઘોડીયાના ખેડુતોએ વડાપ્રધાનની અપીલને વધાવી મિલેટ ધાન નું ખૂબ મોટું ઉત્પાદન કર્યું છે. શરૂઆતમાં સરકાર ધ્વારા હેકટરે ૧૮ કિવી. જુવાર લેવામાં આવતી હતી પરંતુ હાલ નિગમને નવો પરિપત્ર મળતા ખાતા દિઠ ૧૦ કિવ. લેવામાં આવે છે. ખેડુતો ધ્વારા સરકારશ્ નો જાડા (મીલેટ) ધાન્ય ને પ્રોત્સાહન આપવામાં તન તોડ મહેનત કરી છે. ખેડુતો મીલેટ (જાડા ધાન્ય) ઉત્પાદન માટે પ્રોત્સાહીત બની ચાલુ વર્ષે જુવારનું મોટા પાયે ઉત્પાદન કર્યું છે ત્યારે નિગમ ધ્વારા જથ્થો ઓછો લેવામાં આવતા ખેડુતોને મોટા પાયે નુકશાની વેઠવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

જેથી ખેડુતોનું આર્થીક નુકશાન ભરપાઈ કરવા યોગ્ય ઘટતુ કરવાની વિનંતી સાથે સરકાર સુધી રજૂઆત પહોંચાડવા વાઘોડિયા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

### સિકલસેલથી મૃત્યુ પામનારના પરિવારજનોની વેદનાનો વીડિયો વાયરલ

## છોટાઉદેપુરમાં પરિવારને સહાયનો રૂા.૨ લાખનો ચેક આપવામાં અખાડા

**મામલતદાર કચેરીમાં હોબાળો** મચાવતાં અને વીડિયો વાયરલ થતાં બે મહિના બાદ કાગળો મળ્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.2

છોટાઉદેપુર મામલતદાર કચેરીમાં અધિકારીઓ મૃતકની ડિપોઝિટના નાણાં આપવા માટે ના હુકમ આપવામાં બે માસ થી ધક્કા ખવડાવતા આખરે પરિવારજનોએ અધિકારીઓની વિરુદ્ધમાં રોષ ઠાલવી વિડિઓ વાયરલ કરતા મામલતદારના કચેરીના તિઝોરીમાંથી કાગળો મામલતદારએ હાથમાં લીધા.

છોટાઉદેપુર તાલુકાના અછાલા ગામે રહેતા ધોળીયાભાઈ ભંગડાભાઈ નાયક ગોધરા ખાતે પથ્થરના કારખાનામાં મજૂરી કામે જતા તેઓને સિલીકોર્ષ નામની બીમારી લાગતા તેઓનું મોત થયું હતું અને આ બીમારી પથ્થરમાંથી લાગી હોવાથી સરકાર દ્વારા આ પરિવારને 4 લાખની સહાય આપવાની યોજના હોવાથી તેમાંથી તાત્કાલિક ધોરણે 2 લાખની સહાય રોકડમાં આપવામાં આવી હતી જયારે બીજા 2 લાખની સહાય 5 વર્ષ પછી ડિપોઝિટ તરીકે આપવામાં માટે મામલતદાર કચેરી હસ્તક રાખવામાં આવી હતી જયારે મુતકના પુત્ર પણ મરણ થતા તેના પૌત્ર સુખરામભાઈ પ્રતાપભાઈ નાયકએ આ સહાય મેળવવા માટે છોટાઉદેપુર મામલતદાર કચેરીમાં અરજી એપ્રિલ માસમાં કરી હતી પરંતુ અધિકારીઓ આ અરજી તિજોરીમાં મૂકીને પરિવારજનોને ધરમ ધક્કો ખવડાવતા હતા જેને લઈ રોષે ભરાયેલ સામાજિક આગેવાનો પરિવારજનો મામલતદાર કચેરીમાં જઈને અરજી માટે પૂછતાં તેઓને યોગ્ય જવાબ અધિકારીઓ ના આપતાં જેથી કચેરીમાં ભારે હોબાળો મચાવી સમગ્ર બાબતનો વિડિઓ બનાવી સોસીયલ મીડિયામાં વાયરલ કરતા તંત્રમાં દોડધામ મચતા મામલતદાર કચેરીમાં તિઝોરીમાંથી સહાયના કાગળો બે મહિના પછી બહાર નીકળ્યા હતા.

## સથલોખર સિનર્જીસને 125 કરોડના નવા ઓર્ડર, ઓર્ડર બુક ૮૪૦ કરોડને પાર

વડોદરા : અગ્રણી EPC કંપની સથલોખર સિનર્જીસ ઇ|સી ગ્લોબલ લિમિટેડે આશરે 125 કરોડ (GST સિવાય)ના નવા ઓર્ડર મેળવ્યાની જાહેરાત કરી છે. આ સાથે નાણાકીય વર્ષ 2027 માટે કંપનીની કુલ કન્ફર્મ્ડ ઓર્ડર બુક વધીને 840.22 કરોડ થઈ છે. કંપનીને ગ્રાન્ડ એટલાન્ટિયા પાનપક્કમ SEZ ડેવલપર્સ પ્રા. લિ. તરફથી રાનીપેટ સ્થિત SIPCOT પાર્કમાં 105.37 કરોડના સિવિલ અને PEB કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટનો ઓર્ડર મળ્યો છે. ઉપરાંત ફેઝ-1B ડેવલપમેન્ટ માટે 22.53 કરોડના વધારાના કામનો ઓર્ડર પણ મળ્યો છે. મહારાષ્ટ્રમાં સિલોન બેવરેજ કેન પ્રા. લિ. પાસેથી સિવિલ, PEB, MEP અને પાઈપલાઈન વર્ક્સ માટે 15.36 કરોડનો ઓર્ડર પ્રાપ્ત થયો છે.

### સુરાસામળ-દિવેર રોડ અકસ્માત સર્જયો

## નશામાં ગાડીને એકાએક રોડ વચ્ચે ઊભી કરતાં અકસ્માત

**ગાડીના ચાલક** સામે પ્રોહિબીશનનો ગુનો દાખલ અન્ય છ સામે કેમ નહીં?ની ચર્ચા

(પ્રતિનિધિ) શિનોર, તા.2

સુરાશામળ અને દિવેર વચ્ચે વલણ ગામના સાત નશાખોરોએ પોતાની ડસ્ટર ગાડી નંબર GJ 16 BG 0548 લઈને નશાની મસ્તીમાં ગાડી ચલાવતા હતા અને તે બપોરના સમયે રસ્તા વચ્ચે એકાએક ગાડી ઊભી રાખતા સુરાસામળ તરફથી પાછળ આવેલ ગાડી સાથે અકસ્માત થતાં મામલો શિનોર પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો, ત્યાં બંને ગાડી વાળા વચ્ચે નુકસાની બદલ સમાધાન થયું હતું. આ બનાવની જાણ મીડિયા અને સુરાસામળગામમાં થતા લોક ટોળું આવી ગયું હતું. વલણની ગાડી ના ચાલક સફવાન મુસ્તાકભાઈ ઈખેરીયા ઉંમર વર્ષ 31 સામે મોટર વ્હીકલ એક્ટ 185 અન્વયે નશા ની હાલતમાં ગાડી ચલાવવાનો ગુનો નોંધ્યો હતો. જ્યારે અન્ય તમામ 6 જણા નશો કરેલા હતા, તેમની સામે પ્રોહીબિશનનો કોઈ ગુનો નોંધાયો નહોતો. આ ડસ્ટર ગાડીમાં બિયર ના ટીન તથા જુગાર રમવા પત્તા પાના ની કેટ મળી આવેલ હતી, તે હકીકત છુપાવવામાં આવી હતી. નશો કરવાની ચીજ વસ્તુ ક્યાંથી લાવ્યા હતા, અન્ય છ વ્યક્તિ ઉપર પ્રોહીબિશન નો ગુનો કેમ નોંધવામાં ન આવ્યો, તેની ચર્ચા ઉઠેલ છે.

## છોટાઉદેપુરમાં VGLના કનેક્શનના ફોર્મનું કલેક્ટરના હસ્તે વિતરણ

નગરજનોને સુરક્ષિત, સતત અને આર્થિક રીતે કરકસરયુક્ત ઈંધણ મળી રહેશે



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.2

છોટાઉદેપુર નગરના નાગરિકોની સુખાકારી અને સુવિધામાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે વડોદરા ગેસ લિમિટેડ (VGL) દ્વારા નગરમાં ઘરે-ઘરે પાઈપલાઈન મારફતે રાંધણ ગેસ (PNG) કનેક્શન આપવાની મહત્વકાંક્ષી યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના રજીસ્ટ્રેશન માટેના ફોર્મનું વિતરણ જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના હસ્તે કરવામાં આવ્યું હતું.

વડોદરા ગેસ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવનાર આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રારંભિક તબક્કે ફોર્મ વિતરણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ગેસ જોડાણ મેળવવા ઈચ્છુક નગરજનોએ છોટાઉદેપુર કલેકટર કચેરીના ડિસ્ટ્રિક્ટ કોન્ટેક્ટ સેન્ટર ખાતેથી નિયત ફોર્મ મેળવવાનું રહેશે.

છોટાઉદેપુર નગરના દરેક ઘરોમાં પાઈપલાઈન દ્વારા ગેસ જોડાણ મળવાથી નગરજનોને સુરક્ષિત, સતત અને આર્થિક રીતે કરકસરયુક્ત ઈંધણ મળી રહેશે. આ સુવિધાથી ગૃહિણીઓનો સમય બચશે અને પરંપરાગત સિલિન્ડર બદલવા જેવી મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. આ સુવિધા નગરમાં પર્યાવરણની જાળવણી અને સ્વચ્છ ઈંધણના વપરાશને પ્રોત્સાહન આપવામાં મહત્વનું પગલું સાબિત થશે.

### આગામી સમયમાં મકાઇની પણ ખરીદી શરૂ થશે

## શિનોર બજાર સમિતિમાં જુવાર ખરીદી કેન્દ્ર શરૂ

(પ્રતિનિધિ) શિનોર, તા.2

ગત એપ્રિલ માસ દરમિયાન શિનોર તાલુકાના ખેડૂતોએ પોતાના ખેત પાકોનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ હતું, પરંતુ મે મહિનાના 31 દિવસ પૂરા થયા હોવા છતાં ટેકાના ભાવે મકાઈ રૂપિયા 2400, જુવાર હાઈબ્રીડ 3,999, જુવાર 4049 અને બાજરી 3,075 ના ભાવે ખરીદવાનું શરૂ કર્યું નહોતું. અને શિનોર પુરવઠા તંત્ર ગોડાઉન મળતા ના હોવાના બહાના કરતું હતું. બજાર સમિતિ ચેરમેન સચિન પટેલ દ્વારા ગોડાઉન માટે ગોપાલ કોટન જીન નો ઓપન શેડ તથા કેમ્પસ અને બજાર સમિતિની બે દુકાનો જે તે સમયે પુરવઠા તંત્રને સ્ટોરેજ કરવા બતાવેલ હતી ,છતાં પુરવઠા તંત્ર દ્વારા કોઈ રસ દાખવવામાં આવ્યો નહતો ,પરંતુ તાજેતરમાં વર્તમાન પત્રોમાં આ અંગેના સમાચારો ચમકતાં પુરવઠા તંત્રએ ના છૂટકે બજાર સમિતિના રુમોમાં આજરોજ તારીખ 2 જૂન 2026 ને મંગળવારથી બજાર સમિતિના ચેરમેન સચિન પટેલ તથા ડિરેક્ટરોની હાજરીમાં રીબીન કાપીને જુવારની ખરીદી કરવાનું શરૂ કરાયેલ છે. આમ જ્યાં શિનોર-કરજણ તાલુકાની નેતાગીરી નબળી પડી હતી, ત્યારે લોકશાહીની ચોથી જાગીર વર્તમાન પત્રનો સકારાત્મક પડઘો પડેલ છે. અને હાલ ટેકાના ભાવે જુવારની ખરીદી શરૂ કરેલ છે જ્યારે મામલતદાર અને ગોડાઉન મેનેજર દ્વારા આગામી બે ત્રણ દિવસમાં મકાઈની ખરીદી પણ શરૂ કરવામાં આવશે.

### વડોદરાની વી.એસ.શાહ એજન્સીની લાલિયાવાડી:પ્રજા ત્રસ્ત

## કાલીડોલીથી નવાગામ તરફના રસ્તા પર મેટલ પાથરી દેવાતાં હાલાકી

(પ્રતિનિધિ) નસવાડી તા.2

નસવાડી તાલુકાના કાલીડોલીથી નવાગામ તરફ જતા રસ્તા ઉપર 40/63 સાઈઝના મોટા મેટલો 10 દિવસથી પાથારી દેવાતા પરંતુ તેના ઉપર ડામર રસ્તાની કામગીરી ના થતા વાહન ચાલકો તેમજ ખેડૂતોને આ રસ્તા ઉપર થી પસાર થવું મુશ્કેલ મેટલો પગમાં વાગે છે અને વાહનો મેટલમાં ફસાઈ જાય છે.

નસવાડી તાલુકાના કાલી ડોલી થી નવાગામ બે કિલોમીટરનો નસવાડી અને બોડેલી બે તાલુકાને જોડતો મુખ્ય માર્ગ ઉપર ઈમર્જન્સી વર્કમાં સરકારે એક કરોડના ખર્ચ વી.એસ શાહ વડોદરાની એજન્સીને કોન્ટ્રાકટ આપતાં 10 દિવસ પહેલા આ રોડ ઉપર 40/63 સાઈઝના મેટલ પાથારી દેવામાં આવ્યા હતા.

જયારે કોન્ટ્રાકટરએ મેટલ પાથરી દીધા બાદ તેના ઉપર (ડસ્ટ પથ્થરનો પાવડર) પાથરીને તેના ઉપર રોલિંગ વોટરિંગ કરવાનું હોય છે પરંતુ કોન્ટ્રાકટર દ્વારા આ રોડ પર માત્ર મેટલ પાથરીને જતા રહેતા આખરે ગ્રામજનો હેરાન પરેશાન થઈ ગયા છે પોતાનું વાહન લઈને જાય છે ત્યારે વાહન મેટલમાં ફસાઈ જાય છે.

મોટર સાયકલ ચાલકો સ્ટેરીંગ ઉપર નો કાબુ ગુમાવી દે છે થ્રિ વહીલ ટેમ્પા ફસાઈ જાય છે ખેડૂતો પગપાળા ચાલી શકતા નથી બે તાલુકાને જોડતો માર્ગ હોવાથી આ રસ્તા ઉપર અવર જવર વધારે રહે છે અને વાહન ચાલકો હેરાન પરેશાન થતા પંચાયત માર્ગ મકાન વિભાગના અધિકારી અને કોન્ટેક્ટર સામે લોકો રોષ ઠાલવી રહ્યા છે જયારે ઈમર્જન્સી વર્કમાં રસ્તો મંજુર કરાયો છે.

સ્થાનિક લોકો અધિકારીઓને ફોન દ્વારા આની રજુઆત કરી છે પરંતુ કામગીરી રસ્તાની શરૂ ના થતા ગ્રામજનો ચીમકી આપી છે કે બે દિવસમાં આ રસ્તા ની કામગીરી શરૂ ના કરવામાં આવે તો પંચાયત માર્ગ મકાન વિભાગની નસવાડી કચેરી ખાતે આંદોલન કરવામાં આવશે તેવું મન બનાવ્યું છે